## ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૦/૨૦૨૩, તા.૩૦/૦૧/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૩/૦૧/૨૦૨૩ થી તા.૨૯/૦૧/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) હાર્બર મરીન પો.સ્ટે. જા.જોગ. નં. ૦૭/૨૨ તા.૨૪/૦૮/૨૦૨૨ અન્વયે ગુમ થનાર રઘુભાઇ શીરાડભાઇ પઠોલે ઉ.વ.૫૯ રહે.વેરાવળ મહેશભાઇ મેઘજીભાઇ વણીકની બોટમાં, મુળ રહે. સાવરોલી ઠોંગરીપાડા તા.તલાસરી મહારાષ્ટ્રા વાળાને તા.૨૩/૧/૨૦૨૩ના રોજ હાર્બર પો.સ્ટે. પો.ઇન્સ.શ્રી એસ.એસ.ગામેતી નાઓએ માહિતીની હકીકત મળતા તલસારી જી.પાલઘર મહારાષ્ટ્રથી શોધી કાઢેલ છે.

(૨) કમલાબાગ પો.સ્ટે. પાર્ટ–A, ૦૦૫૨/૨૦૨૩ આઇ.પી.સી. ક.૩૬૩,૩૬૬ મુજબ તા.૨૨/૧/૨૦૨૩ અન્વયે અપહરણ થનાર કિંજલબેન D/O મુકેશભાઇ વાઢીયા ૧૭ વર્ષ, ૬ માસ, ૧૫ દિવસ રહે.છાંયા પ્રણામ પાન પાસે, પોરબંદર વાળીને તા.૨૪/૦૧/૨૦૨૩ના રોજ કમલાબાગ પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી એસ.ડી.સાળુંકે નાઓએ નરસંગ ટેકરી પોરબંદરથી સાથે શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

(૧) તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશના પો.ઈન્સ. તથા સ્ટાફના માણસો દ્વારા ગોઢાણીયા કોલેજ તથા તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ વી.જે.મોઢા કોલેજ વિસ્તારમાં ફરવામાં આવેલ. દરમ્યાન વિદ્યારથીઓની મુલાકાત લઈ મહીલા હેલ્પ લાઈન નં.૧૮૧ વિશે જરૂરી માહીતી આપેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૦૫૯/૨૩ I.P.C. કલમ ૩૭૯ મુજબ આ કામના ફરીયાદીની બહેનના લગ્ન નવો ફુવારા સામે આવેલ ખારવા વિધાર્થી ભવનમાં હોય અને આગળ સજાવેલ વેલકમ ગેઇટ પાસે જાનને વેલકમ કરવા માટે એકઠા થયેલ આ દરમ્યાન ફરીયાદીના મમ્મીએ પોતાની પાસેનુ સોનાની બંગડી નંગ-૪ આસરે ૫ તોલાની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- (બે લાખ) તથા રોકડ રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ) સહીતનુ હેન્ડ બેગ પર્સ પડદા પાસે રાખેલ તે પર્સ કાપડના પડદામાં કાપો મારી કોઇ

અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ જે બાબતે ગુન્હો નોંધાયેલ હતો જેમા કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રી એસ.ડી.સાળુંકે ના માર્ગદર્શન હેઠળ કમલાબાગ પોલીસ સ્ટેશનના અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા માટે સર્વલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ.શ્રી કે.એન.ઠાકરીયા. પોલીસ સ્ટાફને સુચના કરતા તે અનુસંધાને તેઓ પેટ્રોલીગમાં હતા દરમ્યાન એ.એસ.આઇ આર.પી.જાદવ,વી.એસ.આગઠ તથા પો.કોન્સ. વિજયભાઇ,ભીમશીભાઇ પરબતભાઇ,દેવેન્દ્રસીંહ રણજીતસીંહ,લખુભાઇ નેભાભાઇ અને વુમન પો.કોન્સ. અંકિતાબેન વિગેરે ને સયુકત બાતમીરાહે હકીકત મળેલ કે, સદરહુ ગુન્હાનો ચોરીનો મુદામાલ તોરણ હોટલ સામે ફુટપાથ પર રહેતી મહિલા પાસે છુપાવેલ હોવાની હકીકત મળતા સદરહુ જગ્યાએ ઝડતી તપાસ કરતા મહિલા પાસેથી ચોરીમાં ગયેલ સોનાની બંગડી નંગ-૪ તથા રોકડા રૂ.૧,૦૦,૦૦૦/- મળી આવેલ હોય અને પુછપરછ કરતા બે દિવસ પહેલા કુવારા પાસે આવેલ ખારવા વિધાર્થી ભવનમાં લગ્ન હોય લગ્ન માંથી પૈસા તથા દાગીના રાખેલ પર્સની ચોરી કરેલાની કબુલાત આપેલ છે. જેથી સદર ગુન્હાના કામે મજકૂર બહેનને સુલોચનાબેન વા/ઓ બીરસીંગ રતીરામ વડીયારા ઉવ.૪૭ રહે. ચોપાટી તોરલ હોટલ સામે ફુટપાથ પર પોરબંદર વાળીને ધોરણસર અટક કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે. સી-ટીમના કર્મચારીઓ દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન જાવર વિસ્તારમાં રહેતા સિનીયર સીટીજનો તથા મહીલાઓની મુલકાત લીધેલ ડાયલ ૧૦૦ વિશે માહીતગાર કરેલ.

(૨) તા.૨૯/૦૧/૨૦૨૩ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે.ના પો.સ.ઈ. દ્વારા બોખીરા કે.કે.નગરમાં આવેલ શંકરના મંદીર ખાતે લોકરદબાર યોજી જેમા હાજર રહી સીનીયર સિટીઝન વ્યક્તિઓ, મહિલાઓ, બાળકોને તેમજ વ્યાજખોરોથી ભોગબનનાર વ્યક્તિઓને કોઇપણ પ્રકારની પોલીસ લગત સમસ્યાઓ હોય તો કોઇ નાગરીકોને પોલીસ કચેરી કે પોલીસ સ્ટેશને જવુ ન પડે તે લોક દરબાર યોજેલ અને પશ્નોનુ નિરાકણ લાવવામાં આવેલ.

(૩) તા.૨૩/૦૧/૨૦૨૩ થી તા.૨૯/૦૧/૨૦૨૩ દરમ્યાન મહીલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. તથા સ્ટાફના માણસો દ્વારા પોરબંદર શહેર ડીવીઝન પો.સ્ટે.ના અગલ-અલગ વિસ્તારમાં પેટ્રોલીંગ ફરી મહીલાઓ તથા સીનીયર સીટીઝનની મુલાકાત લીધેલ અને સી ટીમ તથા ૧૮૧ વિશે માહીતગાર કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના પો.ઈન્સ. તથા સ્ટાફના માણસો દ્વારા ગરીમાં પ્રજેક્ટ અંતર્ગત લોકોની મુજવણનો ઉકેલ તેમજ સર્વની સાથે નરીસુરક્ષા માટે જાહેર સ્થળ પર ભીડભાડ વાળી જગ્યાએ લોકહીત માટે બેનરો લગાડવામાં આવેલ.

જે આપશ્રીને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર